# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

Accredited Grade 'A' by NAAC [ 3rd Cycle ]

**સંદર્ભ : આ વિભાગની તા.૧૨/૦૬/૨૦૨૦ની નોંધ ઉપરના આદેશ...**

**પરિપત્ર :**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગ/ભવનના વડાશ્રીઓ, કમ્પ્યુટર સેન્ટરના નિયામકશ્રી, ગ્રંથાલયના ગ્રંથપાલશ્રી, આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીશ્રી તથા વિવિધ સેન્ટરના ડાયરેકટરશ્રી, કો–ઓડિનેટરશ્રી, રેકટરશ્રીઓને જણાવવાનું કે છાપકામની કામગીરીના વાર્ષિક કરારમાં રહેલ જોગવાઈ મુજબ તથા છાપકામના ભાવો મંજૂર કરવામાં આવેલ હોય તે ભાવે છાપકામની કામગીરી પ્રકાશન વિભાગ મારફતે જ કરાવવાની રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ કરારમાં રહેલ જોગવાઈ મુજબ નિયત સમયમાં બીલની ચુકવણી અંગેની કામગીરી સબંધિત વિભાગ/ભવને સમય મર્યાદામાં કરવાની રહેશે. વર્ષ દરમ્યાન છાપકામની વિગતો જે તે વિભાગ/ભવને રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ માહિતી IQAC ધ્વારા માંગવામાં આવે તે સમયે આ માહિતી સમય મર્યાદામાં આપવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે દૈનિક અખબારમાં આપવાની થતી જાહેરાત ગુજરાતી દૈનિક અખબાર માટે ગુજરાતીમાં તથા અંગ્રેજી અખબાર માટે અંગ્રેજીમાં [Times new Roman] જાહેરાત તૈયાર કરવાની રહેશે. આ જાહેરાત ૯ સેન્ટીમીટર અથવા ૧૩.૫ સેન્ટીમીટર પહોળાઈની સાઇઝમાં આપવાની રહેશે. લંબાઈની સાઇઝ જરૂરિયાત મુજબ રાખવાની રહેશે. આ જાહેરાત પ્રસિધ્ધ કરવા અંગેની તથા ખર્ચની મંજૂરી મેળવીને પ્રકાશન વિભાગને ૪.૩૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે. જાહેરાત પ્રસિધ્ધ થયે બીલની ચુકવણી સબંધિત વિભાગ/ભવને સમય મર્યાદામાં કરવાની રહેશે. વર્ષ દરમ્યાન જાહેરાતની વિગતો તથા થયેલ ખર્ચની વિગતો જે તે વિભાગ/ભવને રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ માહિતી IQAC ધ્વારા માંગવામાં આવે તે સમયે આ માહિતી સમય મર્યાદામાં આપવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે Indian Express & Times of India માં આપવાની થતી જાહેરાત કોર્મશિયલ ભાવોથી આપવાની થતી હોવાથી જાહેરાત પ્રસિધ્ધ કરવા અંગેની તથા આ અંગેના ખર્ચની મંજૂરી જે તે વિભાગ/ભવને મેળવવાની રહેશે. જાહેરાત પ્રસિધ્ધ થયે બીલની ચુકવણી સબંધિત વિભાગ/ભવને સમય મર્યાદામાં કરવાની રહેશે. વર્ષ દરમ્યાન જાહેરાતની વિગતો તથા થયેલ ખર્ચની વિગતો જે તે વિભાગ/ભવને રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ માહિતી IQAC ધ્વારા માંગવામાં આવે તે સમયે આ માહિતી સમય મર્યાદામાં આપવાની રહેશે.

કુલસચિવ

નં.પ્રકાશન/ છાપકામ કામગીરી/ ૨૬ /૨૦૨૦
પ્રકાશન વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
<u>રાજકોટ–૩૬૦ ૦૦૫</u>
તા.૧૯/૦૬/૨૦૨૦

**પ્રતિ,**

૧ યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગના વડાશ્રીઓ,
૨ યુનિવર્સિટીના દરેક ભવનના અધ્યક્ષશ્રીઓ,
૩ નિયામકશ્રી, કમ્પ્યુટર સેન્ટર,
૪ યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલશ્રી,
૫ યુનિવર્સિટી આરોગય કેન્દ્રના તબીબી અધિકારીશ્રી,
૬ યુનિવર્સિટીના જુદા જુદા સેન્ટરના કો–ઓર્ડિનેટરશ્રી,
૭ IQAC ના નિયામકશ્રી,

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

Scanned with CamScanner